# બલેઠીએ વન લીલુંછમ કરી ઈતિહાસ રચ્યો

**માંડવીનું** બલેઠી રાજ્યભરના સભ્યોને ટ્રેનિંગ આપશે

**સંયુક્ત** વન વ્યવસ્થાપન પ્રસ્તાવને ટેકો આપવા રાજ્ય સરકારનો નિર્ણય





સુરત : માંડવી તાલુકાનું બલેઠી ગામ સમગ્ર રાજ્યમાં ઉદાહરણરૂપ સાબિત થયું છે. માંડવી તાલુકાના બલેઠી ગામે ૧૯૮૬ થી ૧૯૮૮ દરમિયાન સતત ત્રણ વર્ષના દુષ્કાળમાં તેના આસપાસના જંગલોનો વિનાશ જોયો હતો. ત્યારથી ગ્રામજનોએ સમુદાયની ભાગીદારી દ્વારા જંગલોનું રક્ષણ અને પુનર્જીવન (પુન:નિર્માણ) કરવાની પહેલ કરી હતી.

આ પહેલને સંસ્થાકીય રૂપ આપવાના પ્રયાસોના ભાગરૂપે, ગ્રામજનોએ ગામની ઐતિહાસિક શાળાના મકાનને પુન:સ્થાપિત કરવા અને તેને JFM (સંયુક્ત વન વ્યવસ્થાપન) માટે સેન્ટર ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રાજ્ય સરકારે આ પહેલને ટેકો આપીને પ્રસ્તાવને આગળ વધારવાનો નિર્ણય લીધો છે.

ગુજરાતની 3414 JFM સમિતિઓના સભ્યોને તાલીમ આપવાની યોજના છે. જેમાં પાંચ વર્ષમાં, ૨,૫૦૦ સમિતિઓના સભ્યોને તાલીમ આપવાની યોજના છે, જેમાં તાલીમ સત્રો બલેઠીના અનુભવી ગ્રામજનો દ્વારા જ ચલાવવામાં આવશે. આ પહેલનો હેતુ બલેઠીના અનુભવને સમગ્ર ગુજરાતમાં પુનરાવર્તિત કરવાનો છે, જેનાથી ગ્રામીણ સ્તરના વન વ્યવસ્થાપન જૂથોને જંગલ પુન:નિર્માણ, સંસાધન સંરક્ષણ અને સમુદાય આધારિત વિકાસનું વ્યવહારુ જ્ઞાન મળશે.

બલેઠીએ 162 બાયોગેસ પ્લાન્ટ સ્થાપીને અને ચાર ચેકડેમ બનાવીને જંગલો પરનું દબાણ ઘટાડવાના ઉપાયો પણ હાથ ધર્યા છે. આ હસ્તક્ષેપોનો હેતુ વન સંસાધનો પરની નિર્ભરતા ઘટાડવાનો છે અને સાથે જ સ્થાનિક જળ સંરક્ષણને ટેકો આપવાનો છે.

### યોજના 1995થી શરૂ થઈ હતી : આરએફઓ બલવંતસિંહ સોલંકી

માંડવીના રેન્જ ફોરેસ્ટ ઓફિસર બલવંતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આ યોજનામાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ટ્રાયબલને સાથે રાખીને કામગીરી કરે છે. ગ્રામીણો જ જંગલની જાણવણી કરી છે. જેના અવેજમાં સરકાર જુદી જુદી યોજનામાં સહાય કરે છે. અગાઉ જંગલ નષ્ટ થયું હતું ત્યારે બલેઠીને 239 હેક્ટર જમીન જાળવણી માટે આપી હતી. જેનો પુન: વિકાસ કરવામાં આવ્યો હતો. જેને ઉત્તમ ઉદાહરણ ગણી શકાય તેમ છે.

### સંયુક્ત વન વ્યવસ્થાપન (JFM) શું છે?

(1) ગ્રામજનો જંગલને ગેરકાયદેસર કાપણી, દબાણ અને આગથી બચાવવામાં મદદ કરે છે. બદલામાં વન વિભાગ તેમને જંગલમાંથી મળતી ગૌણ પેદાશો (જેમ કે ઘાસ, સૂકું બળતણ, ફળ-ફૂલ) વાપરવાની છૂટ આપે છે તેમજ વૃક્ષોના વેચાણમાંથી મળતી આવકનો નિશ્ચિત હિસ્સો આપે છે.

(2) ક્ષીણ થયેલા જંગલોને સ્થાનિક લોકોની મદદથી ફરીથી લીલાછમ બનાવવા અને બાયોડાયવર્સિટી (જૈવવિવિધતા) જાળવવામાં મદદ કરે છે. જંગલ સંચાલન અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સ્થાનિક આદિવાસીઓ અને ગ્રામજનોને સીધા ભાગીદાર બનાવીને નિર્ણય શક્તિ આપે છે.

# ધો.૧૨ પાસ બંગાળી કમ્પાઉન્ડર પલસાણામાં ડોક્ટર બની બેઠો

**મેડિકલ** ડિગ્રી વિના ક્લિનિક ચલાવતો બોગસ તબીબ ઝડપાયો

પલસાણા: સુરત ગ્રામ્ય એસ.ઓ.જી.પોલીસે બાતમીના આધારે પલસાણાના પઠાણ પાર્ક વિસ્તારમાં દરોડા પાડીને મેડિકલ ડિગ્રી વિના ગેરકાયદે રીતે દવાખાનું ચલાવતા એક બોગસ તબીબને ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી માત્ર ધો.૧૨ પાસ હોવા છતાં ‘મનીષ ક્લિનિક’ના નામે એલોપેથિક દવાઓ આપીને લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરતો હતો. એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ. રાજેન્દ્રભાઇ સિસોદે દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર તા.૨૩ ઓક્ટોબરે કણાવ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરને સાથે રાખીને પઠાણ પાર્કની દુકાન નં.૩માં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ રેડ દરમિયાન ક્લિનિકમાંથી દર્દીઓને તપાસવાનાં સાધનો તેમજ વિવિધ એલોપેથિક દવાઓ અને ઇન્જેક્શન મળી કુલ ₹૧૪,૫૧૭નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીની ઓળખ ૩૫ વર્ષીય મિથુન અમરેશ બિશ્વાસ (મૂળ રહે.,ગંગનાપુર, જિ.નદીયા, પશ્ચિમ બંગાળ) તરીકે થઈ છે. પૂછપરછમાં સામે આવ્યું હતું કે, તે અગાઉ કડોદરા રોડ પર આવેલા એક ક્લિનિકમાં કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હતો અને તે જ અનુભવના આધારે ડિગ્રી વિના પોતાનું દવાખાનું શરૂ કરી દીધું હતું. હાલ પલસાણા પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પાલોદના નવાપરાથી ઝોલાછાપ ડોક્ટર પકડાયો



ઈબ્રાહિમ કાનુ

હથોડા: સુરત જિલ્લા એસઓજી પોલીસે પાલોદ પોલીસ મથક હદના નવાપરા ખાતેથી ઝોલાછાપ ડોક્ટરને પકડી કાર્યવાહી કરતાં બોગસ ડોક્ટરોમાં ફફડાટ ફેલાઇ ગયો હતો. સુરત જિલ્લા પોલીસ કર્મચારી પ્રકાશભાઈ વાલજીભાઈને બાતમી મળી હતી કે, પાલોદ પોલીસ મથક હદના નવાપરા ખાતે એક બોગસ ડોક્ટર દવાખાનું ચલાવી દવા ઇન્જેક્શન આપી લોકોની જિંદગી સાથે ખીલવાડ કરી રહ્યો છે. જેથી એસઓજી પોલીસે ઘટના સ્થળે તપાસ કરતાં સંજયભાઈ સુભાષભાઈ મુખરજી (ઉ.વ.44) (હાલ રહે.,મોટા બોરસરા, મૂળ રહે.,વેસ્ટ બંગાળ)ની તપાસ કરી પૂછપરછ કરતાં તેમની પાસેથી ગુજરાત સરકાર માન્ય સર્ટિફિકેટ મળી આવ્યું ન હતું. જેથી પોલીસે રૂ.51 હજારની દવાના જથ્થા સાથે ધરપકડ કરી કાર્યવાહી કરી હતી.

# બારડોલી સુગરમાં ૧૨.૯૧ લાખ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન



**સંસ્થાની** ૭૧મી વાર્ષિક સામાન્ય સભા મળી

**ખાંડ,** મોલાસીસ, બગાસ અને વીજ વેચાણ થકી સંસ્થાની આર્થિક કમાણી

બારડોલી: તાજેતરમાં બારડોલી સુગરની યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં વિજેતા નીવડેલી પેનલના નવનિર્વાચિત પ્રમુખ મુકેશચંદ્ર નગીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને બારડોલી સુગરની ૭૧મી વાર્ષિક સામાન્ય સભા નિર્વિઘ્ને સંપન્ન થઈ હતી. આ સભામાં મેનેજિંગ ડિરેક્ટર હેમ પ્રકાશ સિંહ, ડેપ્યુટી જનરલ મેનેજર પરેશભાઈ દેસાઈ, માજી ઉપપ્રમુખ ભાવેશ પટેલ સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં સંસ્થાની કામગીરી અને ઉત્પાદનલક્ષી આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવી હતી. અહેવાલ મુજબ વર્ષ-૨૦૨૫-૨૬ની પિલાણ સિઝનમાં ૧૧,૫૫,૬૮૫ મેટ્રિક ટન શેરડીનું પિલાણ કરવામાં આવ્યું હતું. સરેરાશ ૧૧.૧૪% ની રિકવરી સાથે સંસ્થાએ કુલ ૧૨,૯૧,૪૦૦ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યું છે. અહેવાલના વર્ષમાં એકર દીઠ શેરડીનો ઉતાર ૨૬.૩૫૩ ટન નોંધાયો હતો. ઉપરાંત આગામી ૨૦૨૬-૨૭ની સિઝન માટે કુલ ૪૧,૩૫૪.૩૦ એકરમાંથી શેરડીના પાકનો પુરવઠો મળશે તેવો અંદાજ છે.

સંસ્થાની આર્થિક કામગીરી અને નફાકારકતાની વિગતો આપતાં જણાવાયું હતું કે, અહેવાલના વર્ષમાં ફ્રીસેલ ૧૫,૮૭,૬૦૮ ક્વિન્ટલ ખાંડનું વેચાણ કરવામાં આવ્યું છે. ખાંડ ઉપરાંત બાય-પ્રોડક્ટ્સમાંથી પણ સંસ્થાએ નોંધપાત્ર આવક મેળવી છે. સંસ્થાએ કુલ ૬૦,૯૦૯.૫૫૦ મે.ટન મોલાસીસનું વેચાણ કર્યું હતું, જેના થકી ટન દીઠ રૂ.૧૩,૧૦૫.૭૫ની ઉપજ મળી હતી. આ સાથે જ કુલ ૮૭,૫૧૧.૪૦૦ મે.ટન બગાસનું વેચાણ કરી ટન દીઠ રૂ.૨,૭૩૭.૧૮ની ઉપજ મેળવવામાં આવી છે. વધુમાં કો-જનરેશન પ્રોજેક્ટ (વીજળી) દ્વારા ફેક્ટરીના પોતાના વપરાશ બાદ સંસ્થાએ રૂ.૨૨.૨૧ કરોડની વીજળીનું વેચાણ પણ કર્યું છે.

નાણાકીય વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સંસ્થાને નેશનલ ફેડરેશન ઓફ કો.ઓપરેટિવ સુગર ફેક્ટરીઝ લિ., ન્યૂ દિલ્હી તરફથી ‘એ ફીસીયન્સી એવોર્ડ ફોર ફાયનાન્સિયલ મેનેજમેન્ટ ઈન હાઈ રિકવરી એરિયા’નો પ્રથમ પુરસ્કાર પણ એનાયત થયો છે. સભામાં એજન્ડાનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયા બાદ બગાસમાંથી અન્ય બાય-પ્રોડક્ટ બનાવવા અને રિસર્ચ સેન્ટર અંગેના સભાસદોના પ્રશ્નોના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રમુખ દ્વારા સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા.

# ગંગાધરામાં રૂ.૨૬.૪૦ લાખના વિદેશી દારૂ સાથે ટ્રક ઝડપાઈ

**સુરત** ગ્રામ્ય LCBનો સપાટો: રૂ.૪૬.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



પલસાણા: સુરત એલ.સી.બી પોલીસે પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં ગંગાધરામાંથી પસાર થતા મુંબઈ-દિલ્હી નેશનલ એક્સપ્રેસ-વે નં-૪ પર મોટી કાર્યવાહી કરી છે. પોલીસે મહારાષ્ટ્ર પાસિંગના એક ટાટા ટ્રક નં.(MH-48-EC-0174) માંથી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડી ટ્રક ચાલકની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૪૬,૫૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

સુરત એલ.સી.બી.ના પી.આઈ. એન.જી.પાંચાણી, હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ અને કોન્સ્ટેબલ દીપકભાઈને બાતમી મળી હતી કે, ગોવાથી દારૂ ભરીને એક ટ્રક વસઈ, વલસાડ, નવસારી અને પલસાણા થઈને એક્સપ્રેસ-વે મારફતે વડોદરા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને નેશનલ એક્સપ્રેસ-વે નં-૪ પરથી આ ટાટા ટ્રકને અટકાવીને તપાસ કરતાં અંદરથી મોટી માત્રામાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાંથી વિદેશી દારૂની ૨૬,૪૦૦ બોટલો કિં.રૂ.૨૬,૪૦,૦૦૦ જપ્ત કરી છે. ઉપરાંત ૨૦ લાખની ટાટા ટ્રક, ૧૦ હજારનો એક મોબાઈલ ફોન અને ૪૦૦ રૂપિયા રોકડા મળી કુલ રૂ.૪૬,૫૦,૪૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ બનાવમાં રાજસ્થાનના સાંચોરના રહેવાસી ૨૫ વર્ષીય ટ્રક ચાલક દિનેશ હનુમાનરામ અર્જુનરામ બિશ્નોઈની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર અને પાયલોટિંગ કરનાર અન્ય એક દિનેશ બિશ્નોઈ, મહારાષ્ટ્રથી ટ્રક ખરીદી આપનાર યાદવ, ગોવાથી ટ્રક આપનાર અજાણ્યો શખ્સ, વડોદરામાં માલ લેવા આવનાર અજાણ્યો શખ્સ અને મારુતિ ફ્રોન્સ કારમાં પાયલોટિંગ કરનાર બે અજાણ્યા ઈસમ મળી કુલ ૬ આરોપીને વોન્ટેડ જાહેર કરી વધુ કાર્યવાહી માટે પલસાણા પોલીસ સ્ટેશનમાં સુપરત કરવામાં આવ્યા છે.

### કરણ નજીક ટેમ્પો અડફેટે બાઈક સવાર વૃદ્ધનું મોત

પલસાણા: મૂળ મહારાષ્ટ્ર અને હાલ પલસાણાના તુંડી ગામમાં શ્રીવિલા સોસાયટી ખાતે રહેતા વૃદ્ધ બ્રીજલાલ નથ્થુભાઈ ધનગર પોતાની હીરો સુપર સ્પ્લેન્ડર બાઈક નં.(G.J.05.LH.5339) લઈને જઈ રહ્યા હતા. દરમિયાન પૂરઝડપે આવેલા આઈશર ટેમ્પોના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો ટેમ્પો નં.(MH.48.DC.1214) ના ચાલક વાહન મૂકી ફરાર થઈ ગયો હતો.

### દસ્તાનમાં ઊભેલા બોલેરો ચાલકનું અજાણ્યા વાહન અડફેટે મોત

પલસાણા: દસ્તાનમાં મુંબઈ-અમદાવાદ નેશનલ એક્સપ્રેસ હાઈવે પર મધરાતે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બોલેરો પિકઅપ નં.(MH-48-CQ-5968)ના ચાલક સંજયકુમાર બનવારીલાલ જયસ્વાલ (ઉં.વ.૩૩) ગાડીના એક્સેલમાં ફસાયેલું કાપડ કાઢવા માટે કોઈપણ સાઈન બોર્ડ કે પાર્કિંગ લાઈટ ચાલુ કર્યા વિના હાઈવે પર વાહન ઊભું રાખી કામ કરી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતા અજાણ્યા વાહને ટક્કર મારતાં ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું.

# કીમમાં ગટરના કામ વેળા ગેસ લાઈનમાં ભંગાણ



**દરબાર** હોટલ પાસે વિનાયક કોમ્પ્લેક્સ બહાર બનેલી ઘટના, જાનહાનિ ટળી

કીમ: કીમમાં દરબાર હોટલ પાસે આવેલા વિનાયક કોમ્પ્લેક્સની બહાર ગટરલાઈનનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન JCB મશીનથી ખોદકામ કરતી વખતે અચાનક ગેસ લાઈનમાં ભંગાણ પડતાં અફરાતફરી મચી હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

ગેસ લાઈનમાં ભંગાણ પડતાં પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી ગેસ લાઈનના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ અધિકારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. અંદાજે 30 મિનિટ સુધી ચાલેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. જેના કારણે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે, ગટરકામ દરમિયાન ગેસ લાઈનમાં ભંગાણ પડવાની ઘટનાને પગલે ખોદકામ પહેલાં ભૂગર્ભમાં આવેલી ગેસ લાઈન સહિતની સુવિધાઓની યોગ્ય તપાસ અને તકેદારી રાખવાની જરૂરિયાત સામે આવી છે.

# આજે બારડોલીમાં લેઉવા પાટીદાર સમાજનો ગરબા મહોત્સવ યોજાશે

**મહોત્સવમાં** ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલૈયાઓને પ્રોત્સાહિત ઇનામ અપાશે

બારડોલી: સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ (બારડોલી) દ્વારા આયોજિત શ્રીમતી શારદા બા (દિગસ) ગરબા મહોત્સવ-2026નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના ખેલૈયાઓને ભાગ લેવા માટે પ્રમુખ કિરીટ પટેલે જણાવ્યું હતું.

સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ (બારડોલી) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

લેઉવા પાટીદાર સમાજના પ્રમુખ કિરીટ પટેલ દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સમાજના યુવાઓમાં સંગઠન શક્તિ વધુ મજબૂત બને એ માટે અવરનવર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રીમતિ શારદા બા (દિગસ) ગરબા મહોત્સવ-2026નું આયોજન તા.25/10/2026ના રોજ સવારે 12 કલાકે રામરતન ભવન સાંસ્કૃતિક સંસ્કાર ક્ષેત્ર, અગાસી માતાજી મંદિરની સામે યોજાશે, જેમાં સમાજના ખેલૈયાઓ માટે ટ્રેડિશનલ રાસ-ગરબા, મહાઆરતી અને વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલૈયાઓને પ્રોત્સાહિત ઈનામો અપાશે. જેથી સમાજના યુવાઓ તેમજ મહિલાઓને મોટી સંખ્યામાં આ ગરબા મહોત્સવમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


Milano MULTIPLEX

બારડોલી

Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm

Udta Teer - 12:00pm, 03:00pm, 06:00pm, 09:30pm

Pahla Pyaar Doosri Baar
11:00am

Damru-Gujarati-
02:00pm, 09:00pm

418 - 05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


# બારડોલી પાલિકા સભામાં ઘનકચરા મુદ્દે ચર્ચા

**સભામાં** ત્રિમાસિક હિસાબોની મંજૂરી મળી

**કરવેરા** જેવા નાગરિકલક્ષી વિષયો પર નિર્ણય લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ

બારડોલી: બારડોલી નગરપાલિકા ના સભાખંડમાં ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બપોરે ૪:૩૦ કલાકે પ્રમુખ નીલમબેન વ્યાસની અધ્યક્ષતામાં સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ઉપપ્રમુખ મિનેષભાઈ પટેલ, ચીફ ઓફિસર મિલનભાઈ પલસાણા સહિત તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. શહેરના સર્વાંગી વિકાસ અને નાગરિકોની પાયાની સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે એજન્ડામાં સમાવિષ્ટ વિવિધ વહીવટી, નાણાકીય અને વિકાસલક્ષી મુદ્દાઓ પર સભામાં ગહન ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાઓ વધારવા માટે આગામી ૧૦ વર્ષનું વિઝન ધરાવતા ‘માસ્ટર પ્લાન-૨૦૩૬’ તૈયાર કરવા અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ સાથે જ રાજ્ય સરકારના ઘનકચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ અંતર્ગત તૈયાર કરાયેલા મોડેલ બાયલોઝના અમલીકરણ અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૧૧૧(૧) મુજબ કરવેરા આકારણી જેવા નાગરિકલક્ષી વિષયો પર નિર્ણય લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સભાના અન્ય એજન્ડામાં અગાઉની સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી આપવા તેમજ જુલાઈ-૨૦૨૬થી સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીના ત્રિમાસિક હિસાબો રજૂ કરી તેને મંજૂરી આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી. સરકારના વિવિધ પરિપત્રો, અરજીઓ તેમજ મંજૂરીની અપેક્ષાએ અગાઉ કરવામાં આવેલાં કામોને બહાલી આપવા પર પણ સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા કરાઈ હતી, જે થકી પાલિકાના વહીવટને વધુ પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવાની દિશામાં હકારાત્મક પગલાં લેવાયાં છે.


## કોઠવા ગ્રામ પંચાયત
## જાહેર નીવિદા

આથી હરાજીમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોને જણાવવાનું કે માંગરોળ તાલુકાની કોઠવા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ કોઠવા-આંગણવાડી નં.-૧ જર્જરીત આંગણવાડી મકાનની હરાજી તા. ૨૮/૧૦/૨૦૨૬ બુધવારનાં સવારે ૧૧:૩૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી કોઠવા ખાતે રાખવામાં આવેલ છે. હરાજીની શરતો હરાજીના દિવસે ૧ કલાક પહેલા વાંચી સંભળાવવામાં આવશે. ભાગ લેવા ઇચ્છતા ઇસમોએ આધારકાર્ડ સહિતના પુરાવા રજુ કરવાનાં રહેશે. હરાજી અંગેના અધિકાર કોઠવા ગ્રામ પંચાયતનો રહેશે.

| ઉપસરપંચ | સરપંચ |
|---|---|
| કોઠવા ગ્રામ પંચાયત | કોઠવા ગ્રામ પંચાયત |
| મૂ.પો. કોઠવા, તા. માંગરોળ, જી. સુરત | મૂ.પો. કોઠવા, તા. માંગરોળ, જી.સુરત |

## જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે ગામ ઉમરાછીના રે.સર્વે નં. ૩૨૩, બ્લોક નં. ૩૨૩/બ, ખાતા નં. ૪૩૧ વાળી સુમારે ૩ એકર અને ૪ ગુંઠા યાને હે. આરે ૧–૨૪–૪૩ ચો.મી., જેનો આકાર રૂા. ૧૫.૧૭ પૈસા તે જુની શરતની બિનખેતીની પ્રિમીયમને પાત્ર જમીન તેમજ ઉમરાછી ગ્રામ પંચાયતની હદમાં નિશાળ ફળિયામાં આવેલ ઘર–મકાનમાં હમારા અસીલ **શ્રીમતી દીપીકાબેન સિધ્ધરાજસિંહ રાણા તે દેવેન્દ્રસિંહ બહેચરસિંહ ઠાકોરની દિકરીનાં સગીર પુત્ર કર્તવ્યનો** લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો ફારગતીના લેખ અન્વયે ચાલી આવેલ છે. પરંતુ હાલ હમોને જાણવા મળેલ છે કે કેટલાક ઈસમો હમારા અસીલના પુત્રનાં હકક–હિસ્સાની સદર મીલકતો ખોટા, બોગસ, ઉપજાવી કાઢેલ કઠનોથી અન્ય કોઈ ત્રાહિત ઈસમોને વેચાણ કરવાની પેરવી કરી રહેલાનું હમારા અસીલણનાં ધ્યાન ઉપર આવેલ છે. હમારા અસીલે કોઈપણ ઈસમને કે ઈસમોને કોઈપણ જાતના લાખાણો કરી આપેલ નથી ને જો કોઈ તેવા બોગસ, ઉપજાવી કાઢેલ લખાણો રજુ કરે અને તેવા લખાણોની રૂએ જો કોઈ ઈસમ હમારા અસીલણની સંમતિ વિના સદરહુ જમીન મીલકતો અંગે કોઈપણ જાતનાં વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરેનાં વ્યવહારો કરે કરાવે તો તેની સગળી જવાબદારી જે તે ઈસમની રહેશે. તેમ છતાં જો કરવામાં આવશે તો તેઓને કોઈ ટાઈટલ પ્રાપ્ત થશે નહીં અને નાહકનાં ફોજદારી તેમજ લંબાણપૂર્વકનાં કોર્ટ પ્રકરણમાં સંડોવાવુ પડશે. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

ઓફીસ : યુ/૧૬, દવારકેશ નગરી શોપીંગ સેન્ટર, સાયણ, સુરત.

અંબિકા કાનુની સેવા કેન્દ્ર (એડવોકેટસ તથા લીગલ કન્સલ્ટન્ટ)


# કટાસવાણમાં દીપડી પાંજરામાં કેદ



વ્યારા: વ્યારાના કટાસવાણ ગામમાંથી અંદાજે દોઢ વર્ષની દીપડી પાંજરામાં પુરાઈ જતાં સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો હતો. કટાસવાણમાં છેલ્લાં કેટલાક દિવસોથી દીપડાની અવરજવર નજરે પડતાં સ્થાનિકોમાં ભય ફેલાયો ફેલાયો હતો. ત્યારે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા શુક્રવારે પટેલ ફળિયામાં દિપેશભાઈ નરેશભાઈ ગામીતના ઘર પાસે પાંજરું મૂકવામાં આવ્યું હતું, જેમાં ગતરોજ રાત્રિ દરમિયાન શિકારની લ્હાયમાં અંદાજિત દોઢ વર્ષની દીપડી કેદ થઈ હતી. વન વિભાગની ટીમે પાંજરામાં કેદ દીપડીને સુરક્ષિત ગાઢ જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરી હતી.


## ઋણ સ્વીકાર



શ્રી સોમાભાઈ લલ્લુભાઈ દેસાઈ તથા શ્રીમતી શારદા સોમાભાઈ દેસાઈ (દિગસ) તરફથી શ્રી સુરત જીલ્લા લેઉવા પાટીદાર સમાજ, બારડોલીને રૂા.૫૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બાવ્વન લાખ) પુરા શ્રીમતી ‘શારદાબા’ દિગસ ગરબા મહોત્સવનાં નામ માટે દાન મળેલ છે. સમાજ એમનો તથા એમના પરીવારનો સહ્યપૂર્વક નો આભાર માને છે.

લી. શ્રી સુરત જીલ્લા લેઉવા પાટીદાર સમાજ, બારડોલી.